# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) આગામી 19મી ફેબ્રુઆરીથી રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થશે.
2) ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ વડોદરા, જામનગર, નલિયા અને ભૂજમાં એર-શો કરશે.
3) આતંકવાદ વિરોધી ટુકડી-ATSએ અમદાવાદમાં 27 લાખ રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી.
4) ખ્યાતિ હોસ્પીટલ કાંડનાં મુખ્ય આરોપી કાર્તિક પટેલને પોલીસે હોસ્પીટલમાં લાવીને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રકશન કર્યું.
5) બનાસકાંઠા જિલ્લાની સવપુરા ગ્રામ પંચાયતનાં વિકાસલક્ષી કામોને ધ્યાનમાં રાખીને પદાધિકારીઓને પ્રજાસત્તાક પર્વની પરેડમાં હાજર રહેવા રાષ્ટ્રપતિ ભવનનું આમંત્રણ.
6) છોટાઉદેપુરના બોડેલીના પાણેજ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં 2 વ્યક્તિના મોત નિપજ્યાં.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Vidansabha Budget

આગામી 19મી ફેબ્રુઆરીથી રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંદાજપત્ર સત્રનું આહ્વાન કર્યું છે. 19મી ફેબ્રુઆરીએ બપોરે બાર વાગે અંદાજપત્રની શરૂઆત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે નાણામંત્રી કનુ દેસાઈએ રાજ્યનું વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં રાજ્યનાં ઉદ્યોગ અને ખાણ સેક્ટરના વિકાસ માટે 8 હજાર 589 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતીં.

. . . . . . . . . . . . .

# PRATIMA ANAVARAN - CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શાહીબાગ સ્થિત સરદાર પટેલ સ્મારક ભવન પાસે જૈનાચાર્ય હિમાચલસૂરિજીની પ્રતિમાનું અનાવરણ કર્યું. ઉપરાંત સર્કલનું નામકરણ મુખ્યમંત્રીએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તકતી અનાવરણ કરીને કર્યું હતું. આ તકે અમદાવાદ મેયર, ધારાસભ્ય સહિતનાઓ ઉપસ્થીત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# Air-Show - SKAT

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ SKAT 22મી જાન્યુઆરીએ વડોદરામાં એરોબેટિક એર-શો યોજશે.

પાંચ વિમાનો આકાશમાં હેલિક્સ આકાર બનાવશે જે DNA રચના જેવું લાગે છે. આ એર-શોનું મુખ્ય આકર્ષણ તિરંગાની રચના હશે. જે દિશભક્તિની ભાવના લોકોમાં ઉત્પન્ન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે 1996 માં રથપાયેલી SKAT ટીમ એશિયાની એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ છે. અને વિશ્વની કેટલીક શ્રેષ્ઠ ટીમોમાંની એક હોવાનો ખિતાબ ધરાવે છે.

આગામી 25 અને 26 જાન્યુઆરીએ જામનગર, 29મીએ નલિયા અને 31 જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીએ ભૂજમાં એર શો યોજાશે.

. . . . . . . . . . . . .

# School Safety Week - 2025

મહેસાણામાં શાળા સલામતી સપ્તાહ 2025 અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા બાળકોને કુદરતી આપત્તિના સમયે રાખવામાં આવતી સાવચેતી અંગે જાગૃત કરવામાં આવ્યા. જિલ્લા વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા યોજાયેલ મેગા ઈવેન્ટમાં 65 શાળાના 24 હજાર થી વધુ બાળકોએ આ સલામતી સપ્તાહની ઉજવણીમાં ભાગ લીધો હતો.

આ તાલીમ NDRF ટીમ, આરોગ્ય વિભાગ, 108 વિભાગ, ફાયરની ટીમ દ્વારા આપવામાં આવી રહી છે. આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે NDRF ટીમ કમાન્ડર લખનલાલ રઘુવંશી..

(બાઈટ : લખનલાલ રઘુવંશી )

બીજી તરફ પંચમહાલ જિલ્લામાં પણ શાળા સલામતી સપ્તાહ અંતર્ગત જિલ્લાની તમામ શાળામાં વિવિધ પ્રવૃતિ હાથ ધરાશે. જેમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે સમજ માટે સ્પર્ધાઓ પણ યોજાશે. આ મેગા ઈવેન્ટ માટે જિલ્લાની કુલ 44 શાળાની પસંદગી કરાઇ છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR - KUBER DINDOR

મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર અને સોસાયટી ફોર વીમેન્સ એકશન એન્ડ ટ્રેનિંગ ઇનિશિએટિવ–સ્વાતિના સંયુક્ત ઉપક્રમે આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોરના અધ્યક્ષ સ્થાને મહિલા સહાયતા અને તાલીમ કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું.

આ થકી મહિલાઓને કાનૂની સહાયતા, યોજનાઓ, તાલીમ અને અન્ય સેવાઓમાં મદદ આપવામાં આવશે. આ તકે મંત્રી શ્રી ડીંડોરે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : કુબેર ડીંડોર, શિક્ષણ મંત્રી )

. . . . . . . . . . . . .

# GUJARAT ATS - MD DRUGS

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી - ATSએ અમદાવાદના લાલ દરવાજા પાસેથી 27 લાખ રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે એક વ્યક્તિની અટક કરી છે.આરોપી પાસેથી આશરે 55 ગ્રામ જેટલો એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ આરોપી પહેલા પણ 20 કિલો ચરસ સાથે ઝડપાયો હતો. હાલ આરોપી ડ્રગ્સ કોની પાસેથી લાવ્યો અને કોને આપવાનો હતો એ દિશામાં પોલીસ વધુ તપાસ કરી રહી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

……………………………….

# Modasa Nagarpalika - Traffic

અરવલ્લીનાં મુખ્યમથક મોડામાં ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે ટ્રાફિક સિંગ્નલ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મોડાસા નગરપાલિકાનાં પ્રમુખ નીરજ શેઠે જણાવ્યું છે કે, મોડાસા ચાર રસ્તા પર ટ્રાફિકની સમસ્યાને લઈને લોકો પરેશાન હતાં.

(બાઇટ : નીરજ શેઠ, પ્રમુખ, મોડાસા નગરપાલિકા )

. . . . . . . . . . . . .

# Kyati Hospital – Kartik patel

ખ્યાતિ હોસ્પીટલ કાંડનાં મુખ્ય આરોપી કાર્તિક પટેલને આજે પોલીસે ખ્યાતિ હોસ્પીટલમં લાવીને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રકશન કર્યું હતું.

કાર્તિક પટેલનાં દસ દિવસનાં રિમાન્ડ મંજૂર થતાં પોલીસે આ ગુનામાં સામેલ અન્ય આરોપીઓ સાથે રાખીને કાર્તિક પટેલની પૂછપરછ કરવાનો પણ નિર્ણય લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા 65 દિવસથી ભાગતો મુખ્ય આરોપી અને ખ્યાતિ હોસ્પીટલનો ડાયરેક્ટર કાર્તિક પટેલને પોલીસે 17મી જાન્યુઆરીની મોડીરાત્રે અમદાવાદ વિમાનીમથકથી પકડી પાડ્યો હતો.

. . . . . . . . . . . . .

# Governer – Staff House

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે રાજભવનનાં કર્મચારીઓ-અધિકારીઓ માટેનાં પરિસરમાં કોમ્યુનિટી હોલ અને 32 આવાસોનું લોકાર્પણ કર્યું.

શ્રી આચાર્યેએ રાજભવનનાં પરિસરનાં સહુ સભ્યો અને તેમના પરિવારજનોને સંપીને રહેવા અને આવાસીય પરિસરમાં સ્વચ્છતા જાળવવા તથા બાળકોનાં વિકાસ માટે સારું શિક્ષણ અને સંસ્કારી વાતાવરણ આપવાનો અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજભવનનાં આવાસિય પરિસરમાં 48 કરોડનાં ખર્ચે છ-ટાઈપનાં 96 આવાસો અને ઘ-ટાઈપનાં 32 આવાસોનું નિર્માણ કરાયું છે. 300 લોકોની ક્ષમતાવાળા કોમ્યુનિટી હોલનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# Savapur Gram Panchayat

બનાસકાંઠા જિલ્લાનાં થરાદ તાલુકાની સવપુરા ગ્રુપ ગ્રામ પંચાયતનાં વિકાસલક્ષી કામોને ધ્યાનમાં રાખીને સરપંચ, તલાટી અને ન્યાય સમિતિનાં સભ્યને આગામી 26મી જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાનાર પ્રજાસત્તાક પર્વની પરેડમાં હાજર રહેવા માટે રાષ્ટ્રપતિ ભવન દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા બનાસકાંઠાનાં પ્રતિનિધિ સવજી ચૌધરી....

(બાઈટ -- સવજી ચૌધરી,બનાસકાંઠા)

મનરેગા યોજનામાં 22 લાખના ખર્ચે પંચાયતનું નવું મકાન બનાવવામાં આવ્યું છે. જેમાં ભીતચિત્રો આકર્ષણનું કેન્દ્ર છે. સવપુરા ગામનાં તલાટી રણછોડ ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઈટ -- રણછોડ ચૌધરી,બનાસકાંઠા)

. . . . . . . . . . . . .

# ACCIDENT - CHOTA UDEPUR

છોટાઉદેપુરના બોડેલીના પાણેજ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં 2 વ્યક્તિના ઘટના સ્થળ પર જ મોત નિપજ્યાં. જ્યારે અન્ય 1 ને ઇજા થતાં સારવાર અર્થે બોડેલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે, બાઇક સવાર ટ્રિપલ સવારીમાં કવાંટના લાલપુરથી વડદલા જઇ રહ્યા હતા ત્યારે પાણેજ પાસે આ અકસ્માત થયો હતો.

. . . . . . . . . . . . .

# Yas Sarangkar - Daman

કેન્દ્રશાસિત પ્રદેશનાં યશ સારંગકરની ભારતીય ક્રિકેટ કંન્ટ્રોલ કમિટી બીસીસીઆઈ દ્વારા આયોજિત અંડર-14 ક્રિકેટ ટુર્નામેન્ટમાં પસંદગી કરવામાં આવી છે.

યશ સારંગકર ઘણા સમયથી સાંઈનાથ ક્રિકેટ એકેડમીમાં કોચિંગ મેળવી રહ્યો છે. તે વિકેટકિપર અને બેટસમેન છે. યશની પસંદગી થતાં દમણના ક્રિકેટરસીકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

. . . . . . . . . . . . .

# Katch – Crack - Unknown Noice

પૂર્વ કચ્છનાં વિવિધ વિસ્તારોમાં આજે સવારે ભેદી અવાજ સાથે કંપન અનુભવાયા હતાં.

અમારા ભૂજનાં પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, કંપન સાથે ભેદી અવાજો સંભળાતા બારી-દરવાજા ધ્રુજી ઉઠ્યા હતાં. સત્તવાર આંચકાની માહિતી મળી નથી. કંપન અંજાર, ગાંધીધામ અને ભચાઉ સહિતનાં વિસ્તારોમાં અનુભવાતા હતાં.

. . . . . . . . . . . . .

# Valsad MP – Dhaval Patel

વલસાડનાં સાંસદ ધવલ પટેલે વલસાડ-નવસારી વિસ્તારની રેલ્વે સુવિધાઓ વધારવા લોકસભામાં રજૂઆત કરી છે.

શ્રી પટેલે કોવિડ દરમ્યાન બંધ કરવામાં આવેલી લોકલ ટ્રેનો ફરીથી શરૂ કરવા વલસાડ રેલ્વે સ્ટેશનને અમૃત ભારત યોજનામાં સમાવવા તેમજ વલસાડ, વાપી અને ઉમરગામ રેલ્વે સ્ટેશન પર નવી ટ્રેનોના સ્ટોપેજની પણ માંગણી કરી છે.

તેમણે વંદે ભારત અને શતાબ્દી ટ્રેનોના સ્ટેપેજની પણ માંગણી કરી છે.

. . . . . . . . . . . . .